સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ગુપ્ત કરારની હોળીમાં ગુન્હા બળી જાય છે,
કોર્ટ-કાયદાને ગોળી બનાવી ગળી જાય છે,
ફળી જાય છે ભૂકંપ, મતના એપી સેન્ટરથી
ખૂંખાર નેતાઓને ક્લીનચીટ મળી જાય છે.
(કરૂણાનિધિ પર કોની કરૂણા વરસી)

હાઈકુ

ઢાંકણી ભર,
પાણીમાં કર્યું સ્નાન,
કોંગી નેતાઓ...
(ડૂબ્યા ચિંતન બેઠકમાં)

સ્વાર્થની દૃષ્ટિ,
ખોટી ખેંચતાણમાં -
કપાયા પગ...
(હાથે કરીને પગે...)

ચિંતન

વ્યસનં મનાગપિ બાધતે ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

નાનકડું વ્યસન પણ દુ:ખી કરે છે.

નાનકડું - તુચ્છ લાગતું વ્યસન, નાનકડી - સામાન્ય લાગતી બિમારી ક્યારેક ભયંકર સ્વરુપ ધારણ કરે છે અને શરીરને ભયંકર અસાધ્ય રોગનો શિકાર બનાવી મૂકે છે. આથી વ્યસન કે સામાન્ય લાગતો રોગ પાસે ફરકે નહિં એવું મનોબળ કેળવવું જોઈએ.

વ્યસન નાનું હોય કે મોટું નુકશાન કારક છે એ મનને નિર્બળ બનાવે છે અને આત્માને પરવશ બનાવે છે એક નાની પામર ટેવની સામે જે ઝઝૂમી નથી શકતા એ મોટી આપત્તિ સામે કેમ ટકી શકે ?!

સુવિચાર

- સાચુ જ બોલવાથી સાચુ નથી થવાતું, સારું જ બોલવાથી સારું નથી થવાતું, વિસ્તારવી પડે છે હદ આપણા હૃદયની, દાઢી વધારવાથી સાધુ નથી થવાતું - **મોરારિ બાપુ**
- વધુ સારા થવાની ક્ષમતા દરેક માણસમાં હોય જ છે, પણ સારા માણસ થવા માટે તેમને ખુદનો સ્વાર્થ જ નડતો હોય છે - **જનકલ્યાણ**
- વાળ સફેદ કરવામાં જિંદગી પૂરી થઈ જાય છે. કાળા વાળ કરતા અડધો કલાક જ લાગે છે - **બોધિવૃક્ષ**
- શબ્દો ક્યારેય કોરા નથી હોતા, લાગણીઓનો પનો ટૂંકો પડ્યો હોય છે - **અંકિત ત્રિવેદી**
- સિર્ફ સુકૂન ઢૂંઢિયે, જરૂરતેં તો કભી ખત્મ નહીં હોગી - **અફરોઝ મિરાણી**
- જે 'ટેસ્ટ' (સ્વાદ)ને જાણે તે આત્મા, જે 'ટેસ્ટ' ને ભોગવે તે આત્મા ન હોય - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : વરિયાળી સાથે ખોખરુ પાઉડરને ઉકાળીને ગાળીને પીવાથી પેશાબની બળતરા મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

માતૃત્વ પોતાના સંતાન માટે કંઈ પણ કરી શકે... એને મૃત્યુની પણ પરવા ન હોય.

લંડનના રાજવીઓના સ્મશાનમાં એક કબર પર લખેલું છે. 'કારણ કે હું એક માતા હતી' આવું જોઈ એક પ્રવાસીએ સ્મશાનની દેખરેખ રાખતા વૃદ્ધ મેનેજરને પૂછ્યું. આ કબર પર લખેલ આ વાક્યનો અર્થ સમજાવો. 'વૃદ્ધ મેનેજર એ કબર પાસે જઈ પોતાની હેટ ઉતારી સન્માન આપી કહ્યું, 'આ કબર રાજકુમારી એલિસની છે. એમનો પાંચ વર્ષનો પુત્ર મોતની નજીક હતો, નિદાન એવું થયું હતું કે કુંવરને હૃદયમાં એક ઘાતક રસી થાય છે. અને રસીમાંથી પ્રાણઘાયક ઉચ્છવાસ નીકળે છે અને જે કોઈ આ ઝેરી ચેપી ઉચ્છવાસ ભૂલમાં શ્વાસમાં લેવાઈ જાય તો તેને પણ ઝેર લાગે અને મૃત્યુ થાય. આવા નિદાન પછી સૌ દાસ-દાસીઓ સારવારમાં બે કાળજી રાખતા હતા. એટલે એલિસે ખુદ કુંવરની સારવાર કરી, જયારે રાજકુંવરે કહ્યું, 'મા, મને ચુંબન કરો, વ્હાલ કરો... ત્યારે એલિસનું માતૃત્વ જાગી ઉઠ્યું અને રાજકુંવરને ચુંબન કરવા લાગી. એલિસના પતિ રાજાએ કહ્યું, રાણી આપને ખબર હતી કે કુંવરના શ્વાસના ઝેરી વાયુથી તમને ચેપ લાગી શકે છે, તો શા માટે કુંવરને ચુંબનો કર્યા. ત્યારે એલિસે કહ્યું કે જયારે કુંવરે મને લાગણીશીલ વાત કરી તો હું રહી ન શકી 'કારણ કે હું એક માતા હતી.' બસ આ વાક્ય કબર લખેલું છે.

આમ વૃદ્ધ મેનેજરે વાત પૂરી કરી પોતાની હેટ ઉતારી કબરને સન્માન આપી પોતાની વાત પૂરી કરી.

પ્રેમનું પર્વ : ક્રિસમસ

વિશ્વનો સૌથી મોટો ઉત્સવ કયો? દુનિયાભરમાં જેની ઉજવણી ઉમંગ અને ઉત્સાહભેર થાય છે તે નાતાલ ભલે ખ્રિસ્તીઓનો તહેવાર ગણાતો હોય પણ એને આવા વૈશ્વિક ઉત્સવની પ્રતિષ્ઠા સાંપડી છે. દિવાળી અને ઈદ ઊજવનારાઓની સંખ્યા ઓછી નથી, પણ નાતાલ તો નાતાલ જ છે. એના ઈષ્ટ દેવ છે ઈસુ જે પોતાને ઈશ્વરપુત્ર તરીકે ઓળખાવતા હોઈ તત્કાલીન ધર્માધ્યક્ષોની આંખમાં કણાની જેમ ખૂંચતા હતા. એમને આવાં વિધાનો બદલ કસૂરવાર ઠેરવી ક્રૂસ પર ચઢાવી દેવાયા હતા. દુનિયાના ઈતિહાસમાં આટલી ક્રૂર સજા ભાગ્યે જ બીજા કોઈ સત્યના ઉપાસકને થઈ હશે. જો કે સત્ય આખરે છાપરે ચઢીને બોલતું હોય છે એટલે ક્રૂસ પર ગુજરી ગયેલા ઈસુને દફનાવી દીધા પછી તેઓ ત્રીજે દિવસે પુનર્જીવિત થયા હોવાનું જાણીતું છે. માણસ મરી શકે, સત્ય તો શાશ્વત તત્ત્વ છે. ઈસુનો આત્મા આજે પણ સક્રિય છે. એ વિશ્વચેતનાના જયોતિર્ધર તરીકે આજે પણ દુનિયા પર રાજ કરે છે. નાતાલનો ઉત્સવ એ ઈસુનો જન્મોત્સવ છે. જરા જુદા સંદર્ભે એ ખ્રિસ્તી વિશ્વની ગોકુલાષ્ટમી છે, રામનવમી છે અથવા ઈદે મિલાદ છે. પ્રેમાવતાર ઈસુએ એમના ટૂંકા આયુષ્યમાં ગિરિપ્રચનનો કરી જે સત્યનિષ્ઠાનો પરિચય આપ્યો છે તે બાઈબલનું હાર્દ છે. એમાંથી જ મહાત્મા ગાંધીને પ્રેરણા મળી છે. ગાંધીજી એમને હાથવગાં અને આંખવગાં રાખે એવાં પુસતકોમાં બાઈબલ પણ હતું. ગીતા, કુરાન અને રામચરિત્ર માનસ જેટલું જ એ પણ એમને પ્રેરણાદાયક હતું. ગૂજરાત વિદ્યાપીઠ ખાતે એમણે એક આખો બાઈબલ ખંડ બનાવડાવ્યો હતો, જે આજે પણ હયાત છે. વિશ્વમાં સૌથી વધુ પ્રભાવક ધર્મ તરીકે ઈસુ પ્રેરિત ખ્રિસ્તી ધર્મ પ્રચાર પામ્યો છે એની પાછળ માત્ર ધર્માંધતા નથી. ખ્રિસ્તી મિશનરીઓને જયાં બીજા કોઈ પગ મૂકવા તૈયાર ન હતા એવા દુર્ગમ સ્થળો પર જઈ ઈસુનો પ્રેમ સંદેશો પ્રસારાવ્યા. દીનદુખિયાની અને પીડિતોની વહાર કરી.

તંત્રીસ્થાનેથી...

કેળવણીનો પ્રકાશ રેલાવ્યો. ભૂખ્યા માનવી માટે એ રોટલો જ ભગવાન છે. આ વાત મિશનરીઓએ ગાંઠે બાંધી. એમણે દલિતો, પીડિતો, વંચિતો વચ્ચે જઈને વહાલનું વાવેતર કર્યું. કુષ્ટ જેવા ધૃણાસ્પદ દર્દથી પીડિતા માણસોને ઘર, કુટુંબ અને સમાજે તરછોડી દીધાં હતા. મિશનરી સાધુઓ અને સાધ્વીઓએ એમને હૃદયસરસાં ચાંપી કરુણાની ગંગા વહાવી. મહાત્મા ગાંધી જેવી વિભૂતિને જો 'સેવા'ની પ્રેરણા સાંપડી હશે તો તે નિશ્ચિત પણે ખ્રિસ્તી મિશનરીઓ પાસેથી જ સાંપડી હશે. ઈસુનું બલિદાન એ માનવીનાં પાપોની સજા જાતે ભોગવી લેવા માટેનું પરાક્રમ હતું. એમણે વ્યભિચારિણી સ્ત્રીને પથ્થર મારવા એકઠા થયેલા હિંસક સમુદાયને કેવો ચોટડૂક સવાલ કર્યો હતો ! આપણા પ્રશિષ્ટ કવિવર નિરંજન ભગતની એ કવિતામાં ઈસુની સંવેદના પ્રગટી છે તે કેવી અસરકારક છે! 'જેણે પાપ કર્યું ના એકે, એ પહેલો પથ્થર ફેંકે !' આ શબ્દો સાંભળતાં જ બધા હાથ હેઠા પડી ગયા હતા. ક્ષમા અને કન્ફેશન - કબૂલાત જેવાં શાશ્વત મૂલ્યોની પ્રસ્થાવના ખ્રિર્સતી ધર્મ દ્વારા જગતને અપાયેલી અણમોલ ભેટ છે. સાંતાક્લોઝ એમના જાદુઈ થેલામાંથી ભાતભાતની ભેટ સોગાદો કાઢી નાનાં નાનાં બૂલકાંને વહેંચતા ફરે છે, એમ માનવીએ એના જીવન દરમિયાન આનંદની છોળો ઉછાળવી જોઈએ. જિંદગીમાં જે કોઈ મળે એને ખુશાલીની સોગાત આપી પોતે ખુશ રહેવું જોઈએ. સુખ, શાંતિ, ત્યાગ, ત્યાગ, બલિદાન અને સમર્પણનો સંદેશ આપતા આ વૈશ્વિક પર્વને અંતે ખ્રિસ્તી નવા વરસનો આરંભ થાય છે. આપણે એનો આધ્યાત્મિક સંદર્ભ ભૂલી ફક્ત ભૌતિકવાદી અભિગમ અપનાવીએ એ તો ઈસુનું અપમાન જ ગણાય. યોગાનુયોગ તો જુઓ ! નાતાલનો પવિત્ર દિવસ પાછો આપણા મહાન રાષ્ટ્રનાયક અટલ બિહારી વાજપેયીનો જન્મદિવસ પણ છે. આ પ્રેમનું પર્વ છે, એની એથી મોટી પ્રતીતિ જરૂરી ખરી ? વાજપેયીજીને 'શતં જીવ શરદ:'ની શુભકામનાઓ સહિત સૌને હૅપી ક્રિસમસ, મૅરી ક્રિસમસ.

ડિઝીટલ અપરાધીને નબળા કાયદાના કારણે સજા મળતી નથી જયારે

ગંદા એસએમએસ મોકલવા સામે આઈપીસીની કલમ ૫૦૩, ૫૦૬, ૩૯ મુજબ અપરાધીને સજા કરવામાં આવે છે.

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ડિઝીટલ યુગમાં સાયબર ક્રાઈમ અને ઈન્ટરનેટ ઉપર થતા ક્રાઈમમાં અપરાધીઓને સજા કરવામાં ભારતમાં જ નહિ પરંતુ દુનિયામાં નબળા કાયદાના કારણે પૂરતી સજા થતી નથી અને નબળા કાયદાઓના કારણે ડિઝીટલ અપરાધો યોર્ન અપરાધોના પીડિતોને ન્યાય મળતો નથી તે નરવી વાસ્તવિકતા છે.

એક વખત ઈન્ટરનેટ ઉપર ફોટા કે વિડીયો અપલોડ કર્યા પછી તેને સંદતર હટાવવા મુશ્કેલ નહિ લગભગ અશકય છે અનેક સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ અને વેબસાઈટ સબંધીત વ્યક્તિની મંજુરી લીધા સીવાય અપલોડ કરેલ કન્ટેન્ટને હટાવવામાં મદદ કરે છે પરંતુ એ વાતની કોઈ જ ગેરન્ટી નથી કે તે ફોટો ઓનલાઈન કયાય બીજી વેબસાઈટ ઉપર નહિ હોય.

સેલીબ્રીટીના ફોટાને તોડી મરોડી વિકૃત કરી તેને વેબસાઈટ ઉપર અપલોડ કરી બદનામ કરવામાં આવે છે પોતાના ફોટા કે વિડીયો અપલોડ થયાની હક્કિત માલુમ પડે તે પહેલા તો કેટ કેટલી વેબસાઈટો ઉપર તે ડાઉનલોડ થઈ ગયા હોય છે તે તમામને હટાવવા લગભગ અશકય છે.

પોલીસ કે સીબીઆઈમાં ફરીયાદ કરતા ફરીયાદી જ પોતે જાણે અપરાધી હોય તેમ તેની વેબસાઈટ કે મેઈલ કોણે હેક કર્યા અને તસ્વીર કે વિડિયો વ્યક્તિએ કોઈ અંગત વ્યક્તિને કયારે મોકલ્યો તેની જાણકારી મેળવવી અશકય છે કઈ વેબસાટથી ફોટો વિડિયો અપલોડ થયો છે તે સાઈટને જ ફકત બ્લોક કરી દેવામાં આવે છે આ વેબસાઈટ ઉપરથી અન્ય વેબસાઈટ ઉપર ડાઉનલોડ કે અપલોડ થયેલ ફોટા કે વિડિયો સંપૂર્ણ નાશ કરવા અશકય છે. દુનિયામાં કેટલાય દેશોના લોકોએ આવા ફોટા કે વિડિયો જોઈ પોતાના ગૃપમાં શેર કર્યા હોય છે .

સને ૨૦૧૪ માં સીસીઆરઆઈએ હેલ્પ લાઈન શરૂ કરી અને લગભગ ૫૦૦૦ લોકોને, પીડિતાઓને મદદ કરી શક્યા છે. દર મહિને સીસીઆરઆઈ ને લગભગ ૧૫૦થી ૨૫૦ જેટલી સાઈબર ક્રાઈમની ફરીયાદો મળતી રહે છે. તમામ પીડિતાને ન્યાય આપવો લગભગ અશકય છે તેથી આઈટી એક્ટ ૨૦૦૮ માં સુધારો કરી કલમ ૬૫, ૭૮ માં સુધારો કરી ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ તથા ઈન્ડીયન એવીટન્સ એક્ટ ૧૮૭૨ માં સુધારો કરી એવીટન્સ એક્ટ ૧૯૫૧ માં સુધારો કરી આઈટી એક્ટ ૪૩, ૪૩(એ), ૪૪, ૪૫ મુજબ અપરાધી સામે પગલા લેવામાં આવે છે.

ગંદા એસએમએસ મોકલવા સામે આઈપીસીની કલમ ૫૦૩, ૫૦૬, ૩૯ મુજબ અપરાધીને સજા કરવામાં આવે છે. વિભત્સ વિડિયો કે ફોટા ડાઉનલોડ કે અપલોડ કરનારને પકડી કોર્ટમાં રજુ કરતા સાઈબર ક્રાઈમ એક્ટની કલમો મુજબ જામીનપાત્ર હોય ૫૦૦૦ કે ૧૦૦૦૦ ના જામીન ઉપર મુક્ત કરી દેવામાં આવે છે ત્યારબાદ કેસ ચાલતા ટેકનિકલ શિક્ષણનો અભાવ તથા જાણકારીના અભાવે પૂરતા પુરાવા આરોપી પાસેથી મેળવવા લગભગ અશકય હોય છે તેમજ આવા પુરાવાનો એક તબક્કે આરોપીએ નાશ કરી દીધેલ હોય છે જેમાં સગીર યુવતીઓના ફોટા કે વીડીયો અપલોડ કરવા સામે પોસ્કો આઈટી એક્ટની કલમ ૪૨ મુજબ પગલા ભરવામાં આવે છે અને આઈટી એક્ટની કલમ ૨(૧)(ક) મુજબ આવા લોકોના કોમ્પ્યુટર ટેડા હાર્ડ ડિસ્ક જપ્ત કરવામાં આવે છે પરંતુ કોમ્પ્યુટર કે મોબાઈલ કેસ ચાલતા સુધી મુદ્દામાલ તરીકે પોલીસ કસ્ટડીમાં સાચવી રાખવા અશકય હોય જામીન ઉપર મુક્ત થયા બાદ પોતાના કોમ્પ્યુટર કે મોબાઈલ આરોપી કોર્ટમાંથી

અનુસંધાન પાના નં. ૫ પર

પુસ્તકોને આપણે પરમ સખા, મિત્ર, ગુરુ કહી શકીએ

પુસ્તકનો એકમાત્ર સાચો ઉપયોગ માણસને જાતે વિચારતો કરવામાં રહેલો છે. જે પુસ્તક માણસને વિચારતો ન કરી મૂકે તેની કિંમત અભરાઈ પર એણે રોકેલી જગ્યા જેટલી પણ નથી.



લગ્ન અને ક્રિસમસ સેલિબ્રેશનનો માહોલ અત્યારે ચારેબાજુ પૂરબહારમાં જામ્યો છે. સળંગ ૨-૩ રજાને કારણે લોકો ફરવાનું પણ પ્લાનિંગ કરી જ નાખે છે. ફરવા જવું, કુદરતના ખોળે મ્હાલવું અને આપણી જ આસપાસ ફેલાયેલી પ્રકૃતિને મન ભરીને માણવું એ પ્રવાસનો મુખ્ય હેતુ હોય છે. રોજબરોજની એકધારી જિંદગી જીવનારા આપણે સૌ આવા એક નાનકડા કે મોટા બ્રેકને ઝંખતાં જ હોઈએ છીએ જયારે બધું જ ભૂલીને કુદરત અને ગમતી વ્યક્તિનું સાનિધ્ય મળે. પણ દરેક વખતે દરેક વ્યક્તિને આવો મનગમતો પ્રવાસ કરવાની અનુકૂળતા કે સગવડો પ્રાપ્ત થઈ શકતી નથી. શારીરિક કે આર્થિક કારણોને લીધે આવા કેટલાય લોકો છે જે કયારેય બહાર ફરવા જઈ શકતા નથી, વિશ્વ પ્રવાસ ખેડવો તો દૂર તેઓ અન્ય રાજય સુધી પણ પ્રતિકૂળ સંજોગોને લીધે જઈ શકતા નથી. આવા સમયે જો કોઈ સૌથી મોટી મદદ હોય તો તે છે પુસ્તકોની દુનિયા. એક પુસ્તકમાં એટલી તાકાત હોય છે કે ઘરના ખૂણામાં બેઠા બેઠા તમને વિશ્વની વિવિધ સંસ્કૃતિઓ, સ્થળ અને લોકો સાથે પરિચય કરાવી શકે. પુસ્તકોની દુનિયા વિશાળ છે, વિવિધ છે, અને એમાં જીવનવ્યાપી બધા સવાલોનું તમામ ચિંતન-વર્ણન જોવા મળે છે.

વિવિધ ધર્મો, વિવિધ જાતો વિવિધ સ્થળો કે વિવિધ વાનગીઓ તમામને લગતા પુસ્તકો વાંચીને તમે ઘરે બેઠા વિશ્વભરની બાબતોને જાણી શકો છો ! પુસ્તકોનું વાંચન તમને જીવનનો નવો જ દૃષ્ટિકોણ દર્શાવી શકે છે. કાકા કાલેલકર પોતાના પર સૌથી વધુ અસર કરનાર પુસ્તક વિશે લખે છે કે :

''બધો વિચાર કરતાં પ્રથમ સ્થાને મારે 'ગીતા'ને જ રાખવી જોઈએ. 'ગીતા'નો જીવનસંદેશો મને મળ્યો તે ઉત્કટ પ્રસંગ કોઈ કાળે હું ભૂલી ન શકું. જયારે મારા પિતાશ્રીનો અંતકાળ નજીક આવ્યો ત્યારે એમની બનતી સેવા કરી, અને એમની પથારી પર બેસી આખી 'ગીતા' નું પારાયણ ચલાવ્યું. એ છેલ્લા સવા કલાકમાં સમગ્ર પારાયણ કરતાં 'ગીતા'નો જ અર્થ હૃદયમાં વસી ગયો, તેને જ હું મારા જીવનનું મુખ્ય ઘડતર માનું છું. એમાંથી જે 'ગીતા' તત્ત્વ મળ્યું, એ જ મારા જીવનની સૌથી મહત્ત્વની મૂડી છે.''

ધાર્મિક પુસ્તકો અને અન્ય સંત-સાહિત્યના વાચન દ્વારા આપણે સાચા ધર્મને જાણી શકીએ છીએ. ધર્મ એટલે કેવળ રીતરિવાજો, પૂજા અર્ચના અને વ્રત-ઉત્સવો નહીં પણ ભક્તિ, સદાચાર અને ગરીબોની સેવા એ જ સાચો ધર્મ છે. આપણે ત્યાં અનેક સંતોએ આવું ઉત્તમ સાહિત્ય રચ્યું છે જેમાં તુકારામ, નામદેવ, એકનાથ અને જ્ઞાનેશ્વર મુખ્ય ગણાય તેમજ સંતરામદાસ પણ ખરા જ. વ્યાસ, વાલ્મિકી અને એમના પુરોગામી 'વેદ' - 'ઉપનિષદ' ના ઋષિઓથી માંડીને કાલિદાસ - ભવભૂતિ જેવા રસસિદ્ધ કવિશ્વરો તથા સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ ઠાકુર, શ્રી અરવિંદ ઘોષ અને મહાત્મા ગાંધી જેવા સમર્થ લોકોની કલમે લખાયેલી અમર કૃતિઓનું રસપાન આપણને જીવનના ગૂઢ રહસ્યોથી માહિતગાર કરાવે છે. સો-બસો વર્ષના વિશ્વ સાહિત્યમાં એટલી પ્રભાવશાળી નવલકથાઓ લખાઈ છે, જેની અસર માનવજાતિ પર ઊંડી પડી છે. આ પચરંગી દુનિયામાં જીવનનો બધો અનુભવ માણસ પોતે જીવન જીવીને મેળવી શકતો નથી અને તેથી તેણે આવા અનેક પુસ્તકો, નવલકથાઓના વાંચન દ્વારા જીવનનો અનુભવ કરી શકાશે. કાકાસાહેબ કાલેલકરના શબ્દોમાં કહીએ તો, આવા જ અન્ય એક પુસ્તકનું નામ છે નેત્ર વિનાની નેત્રી હેલન કેલરની ઉત્તર-જીવન કથા 'મિડસ્ટ્રીમ.' બાપુએ એની પૂર્વજીવનની કથા 'સ્ટોરી ઓફ માય લાઈફ' વાંચેલી અને એનાં ઘણાં વખાણ કરેલાં. એટલે જેલમાં મેં પ્રથમ વાંચી 'મિડસ્ટ્રમ' અને બહાર આવીને વાંચી 'સ્ટોરી ઑફ માય લાઈફ.' આજના જમાનામાં આખી દુનિયામાં જેટલા અંધ અને બહેરાંબોબડાં છે તે બધાંની હેલનકેલર સમર્થ પ્રતિનિધિ છે. એ ઓગણીસ મહિનાની હતી ત્યારે, માંદગીને કારણે, એની આંખો ગઈ. એના કાન પણ ગયા.

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

બાળા સાત વરસની થઈ અને એક એવી તો કેળવણીકાર માતા મળી ગઈ કે જેની આગળ આખી દુનિયાએ કૃતજ્ઞ થવું ઘટે. ત્રણ વરસના સખત પ્રયત્ન અને ધીરજથી એ સલિવનબહેને હેલનને વાચાદાન કર્યું; એને સાહિત્યની, સંસ્કારની અને ચારિત્ર્યની કેળવણી આપી; અને દીર્ઘકાલના ભગીરથ પ્રયત્નથી એને માનવ જીવન અને માનવ સંસ્કૃતિનો વારસો પાછો મેળવી આપ્યો. આજે હેલનને આંક અને કાન નથી એનું દુ:ખ નથી; ચક્ષુ અને શ્રવણનું કામ એની આખી ચામડી, પગનાં તળિયાં, હાથની હથેળી અને આંગળીનાં ટેરવાં કરે છે. આ એક જ ઈન્દ્રિય દ્વારા એનું આંખુ નિરીક્ષણ - પરિક્ષણ, પ્રજ્ઞા, મેધા અને કલ્પના એટલાં તો ખીલ્યાં છે કે કેવળ અંધ લોકોમાં જ નહીં પણ દુનિયાની તમામ મહાન વ્યક્તિઓમાં પણ એણે સ્થાન મેળવી લીધું છે. આવી આ અદ્ભૂત બાળા અને એનાથીયે અદ્ભૂત શિક્ષિકાનો પરિચય આ સુંદર ચોપડીમાં આપણને મળે છે.

આજે આપણે નાની-નાની બાબતોથી થાકી અને હારી જઈએ છીએ ત્યારે આ પ્રકારના પુસ્તકો આપણા વિચારોની દિશા બદલી શકે છે. ક્રિસમસની રજાઓમાં આ વર્ષે બહાર જવાને બદલે આવો ઘરમાં જ એક ખૂણામાં બેસી એક નવા અને સુંદર પુસ્તકોનું વાંચન કરીએ અને એ રીતે આપણા મન-મસ્તિષ્કને નવી દુનિયાનું દર્શન કરાવઈએ.

Last Seen :

કેટલાંક પુસ્તકો એવાં હોય છે કે જેને આપણે પરમ સખા, મિત્ર અને ગુરુ કહી શકીએ. પુસ્તક એ માત્ર પુસ્તક ન રહેતાં જીવંત વ્યક્તિ બની શકે છે.

- nehalgadhavi101@gmail.com

નરેન્દ્ર મોદી તારણહાર, રાહુલની ગાંધીગીરી યશસ્વી

ગુજરાત વિધાનસભાની ડિસેમ્બર ૨૦૧૭ની ચૂંટણીનાં પરિણામો અપેક્ષા મુજબ જ આવ્યાં : કૉંગ્રેસના મુખ્યપ્રધાન માધવસિંહ સોલંકીના ૧૯૮૫ના કુલ ૧૮૨માંથી ૧૪૯ બેઠકોના વિક્રમને તોડવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે '૧૫૦ પ્લસ'નો લક્ષ્યાંક ઠરાવ્યો હતો, પણ વિજયનો આંકડો ૯૯ એ આવીને અટક્યો. જો જીતા વો હી સિકંદર. સતત છઠ્ઠીવાર ભાજપની સરકાર ગુજરાતમાં

- **શંકરસિંહ વાઘેલાએ વિપક્ષને રમણભમણ કર્યાનો ભાજપને લાભ તો થયો, પણ બેઠકો ૧૧૫ની ૯૯ જ**
- **આંદોલનત્રિપુટીના ટેકે કૉંગ્રેસ રાખમાંથી બેઠી થઈ ૬૧થી ૭૭ના આંકડે પહોંચી ૨૦૧૯ માટેનો પડકાર**
- **સુમનબહેન ચૌહાણ, ગીતાબા જાડેજા, માલતી મહેશ્વરી,જયેશ રાદડિયામાં ઝગારા મારતો ભાજપનો વંશવાદ**
- **ઈવીએમ સામે તો ભાજપ થકી જ ફરિયાદો થઈ હતી અને હવે હારનાર કૉંગ્રેસ જ કાગારોળ મચાવી રહી છે**

રચાવાનો હાશકારો 'શ્રી કમલમ્' લઈ શકે. સામે પક્ષે બબ્બે દાયકાથી કૉંગ્રેસમાં વિવિધ સત્તા-હોદ્દા ભોગવતા રહેલા શંકરસિંહ વાઘેલાએ છેલ્લે વિધાનસભામાં વિપક્ષના નેતાપદે રહીને કૉંગ્રેસનું રમણભમણ કરવાનો ખેલ પાડ્યો. આમ છતાં કૉંગ્રેસના યુવા ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને પ્રભારી અશોક ગેહલોતે બાજી સંભાળીને માધવસિંહ-પુત્ર ભરતસિંહ સોલંકીના વડપણ હેઠળની ગુજરાત કૉંગ્રેસને બબ્બે દાયકાના સત્તા-વનવાસ પછી પણ નવસર્જન ભણી આગળ વધારીને ૭૭ના આંકડે પહોંચાડી. ભાજપના વિજયનું શ્રેય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ઝંઝાવાતી પ્રચાર અને પક્ષ જ નહીં, પક્ષની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની સંસ્થાઓના અંતરિયાળ ગુજરાત અને ખાસ કરીને આદિવાસી પટ્ટાના કામને આપવું પડે.લુણાવાડાના કૉંગ્રેસના બળવાખોર એવા અપક્ષ ધારાસભ્ય રતનસિંહ રાઠોડે ભાજપને ટેકો જાહેર કર્યો અને મોરવાહડફ (અનુસૂચિત જનજાતિ અનામત)ના કૉંગ્રેસી બળવાખોર અપક્ષ ધારાસભ્ય ભૂપેન્દ્રસિંહ વેચાત ખાંટ પોતાની બેઠક બચાવવા ભાજપના શરણમાં જાય એ સ્વાભાવિક છે, કારણ અહીંના ભાજપના હારેલા ઉમેદવાર વિક્રમસિંહ ડિંડોર થકી ભૂપેન્દ્રસિંહના સગાભાઈ ગોવિંદ વેચાત ડિંડોર તાલુકા પંચાયતમાં ઓબીસી અનામત બેઠક પર સભ્ય હોવાનો મુદ્દો આગળ કર્યો છે. ભાજપ માંડ ૧૦૧ના આંક સુધી પહોંચે છે.

આંદોલનત્રિપુટીનો કૉંગ્રેસને ફાયદો

કૉંગ્રેસનું નેતૃત્વ રાહુલે સંભાળ્યું. એણે પપ્પૂની છબિમાંથી બહાર આવીને મોદી સાથે સતત સરખામણી થવાના સંજોગો સર્જ્યા. કૉંગ્રેસનું રાજ્ય સ્તરનું માળખું પક્ષના ગદ્દારો થકી છિન્નભિન્ન હતું, છતાં આંદોલનત્રિપુટી હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણી સાથેના વ્યૂહાત્મક જોડાણ અને ગેહલોત તથા પક્ષના ક્ષેત્રીય નેતાઓ સાથે સીધા સંવાદ અને વિશ્વાસના પ્રતાપે હતાશ કૉંગ્રેસમાં પ્રાણ પૂર્યા. સામે આખું ગામ અને કૉંગ્રેસ તરફથી એકલવીર રાહુલ જેવા સંજોગોમાં સ્વસ્થતા ગુમાવ્યા વિના, પ્રચારના સ્તરને નીચલી કક્ષાએ જવા દીધા વિના, અગાઉની ચૂંટણીઓમાં પક્ષનેતાઓએ કરેલી ભૂલોના પુનરાવર્તન વિના રાહુલ ગાંધીએ સુકાન સંભાળ્યું. પક્ષનેતા મણિશંકર ઐયરની વડા પ્રધાન મોદી માટેની 'નીચ' જેવી ટિપ્પણીએ ભાજપ અને ખાસ કરીને મોદીને ભાવનાત્મક મુદ્દો બક્ષ્યો. ગુજરાતની અસ્મિતાના ભાવનાત્મક મુદ્દાને ખૂબ ચગાવાયો. રાહુલે વડા પ્રધાન મોદી માટે પક્ષના કોઈ નેતા-કાર્યકર હીન શબ્દો નહીં વાપરે એવી સ્પષ્ટ સૂચના આપ્યા છતાં ઐયર થકી જાણી જોઈને કે અજાણતાં રાહુલ માટે દ્વિધા સર્જાઈ. મણિશંકરને પક્ષમાંથી તગેડવામાં આવ્યા છતાં નુકસાનને ખાળી ના જ શકાયું. રાહુલના અઢી મહિનાના ગુજરાતપ્રવાસે ભાજપની ભીંસ જરૂર વધારી. વડા પ્રધાન મોદીના ખભા પર જીતની જવાબદારી હતી. પૂરી કેન્દ્રીય કેબિનેટ ઉતારી દેવાઈ. ગુજરાતને યેનકેન પ્રકારણે જાળવવામાં ભાજપને સફળતા મળી તો ખરી, પણ કૉંગ્રેસના ઉપાધ્યક્ષમાંથી અધ્યક્ષ બનેલા રાહુલ ગાંધીની ગાંધીગીરી યશસ્વી લેખાઈ. હવે ૨૦૧૯ની લોકસભાનો પડકાર ઝીલવાનો છે.

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

વિધાનસભા ચૂંટણીના બોધપાઠ

યુદ્ધ અને પ્રેમમાં બધું જ વાજબી લેખાવાય છે, પરંતુ ગુજરાત વિધાનસભાની ચૂંટણી જીતવા માટે કથની અને કરનીમાં અંતર ઊડીને આંખે વળગે તેવાં રહ્યાં. ૧૯૯૫ પછી ગુજરાતમાં પહેલીવાર કૉંગ્રેસ ચૂંટણી લડતી હોય તેવું લાગ્યું. કેન્દ્રમાં દસ વર્ષ રાજ કર્યા પછી કૉંગ્રેસે સત્તા ગુમાવી એટલું જ નહીં, એની લોકસભાની સભ્યસંખ્યા સાવ જ તળિયે એટલે કે ૪૪ના આંકડે (૫૪૩+૨માંથી) પહોંચ્યાના પ્રતિકૂળ સમયે તથા વિવિધ રાજ્યોમાં કૉંગ્રેસના પરાજયના સંજોગો પછી વડા પ્રધાન મોદી જેવા ભાજપના સુપરસ્ટારની ઝીંક રાહુલ ગાંધી જેવા અત્યાર લગી બહુ ગંભીર નહીં લેખાવાતા યુવા નેતાએ ઝીલવાની હતી. 'નબળી ગાયને બગઈઓ ઝાઝી' એ ઉક્તિના ન્યાયે નબળી પડેલી કૉંગ્રેસના ગુજરાતના મુખ્યપ્રધાનપદના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાએ 'ગ્રહણ ટાણે જ સાપ કાઢવાનો' કારસો રચ્યો. રાજ્યસભાની ચૂંટણી વખતે શંકરસિંહના ધારાસભ્ય-પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા સહિતના ૧૪-૧૫ કૉંગ્રેસી ધારાસભ્યોનું 'હૃદય પરિવર્તન' થઈ ગયું અને તેઓએ ભાજપ સાથે ઘર માંડ્યું, છતાં રાજ્યસભાની ચૂંટણીમાં કૉંગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલ જીત્યા અને મહેન્દ્રસિંહના અબજોપતિ-વેવાઈ બળવંતસિંહ રાજપૂત હાર્યા. શંકરસિંહના કૉંગ્રેસવિરોધી અટકચાળા ચાલુ રહેતાં એ કૉંગ્રેસથી ફારેગ થઈને જનવિકલ્પ મોરચે ભાજપને ટેકો કરવા લાગ્યા, પણ ના ઘરના રહ્યા કે ના ઘાટના. સગ્ગા પુત્ર મહેન્દ્રસિંહનું ભાવિ રોળવા માટે ભૂતપૂર્વ મુખ્યપ્રધાન વાઘેલા જ જવાબદાર ઠર્યા. છેલ્લે છેલ્લે ભાજપ થકી મહેન્દ્રસિંહને એમના મતવિસ્તાર બાયડથી લડવાની ઓફર કરાઈ, પણ આ મતવિસ્તારમાં ઠાકોર મતના પ્રભુત્ત્વને કારણે મહેન્દ્રસિંહે લડવાનું માંડી

અનુસંધાન પાના નં. ૫ પર